હર પલમેં હો સુમિરન તેરા, ઐસા બના દો પ્રભુ જીવન મેરા

## રાજ્યમાં વધુ ૫૪૯ નવા કેસ : અમદાવાદમાં ૨૩૫ : ગાંધીનગરમાં ૨૧

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૦૫ | ૨૪ જુન, ૨૦૨૦, બુધવાર; અષાઢ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ચીન લદ્દાખમાં સેના હટાવવા તૈયાર

**૧૧ કલાકની વાતચીત બાદ કમાન્ડર લેવલની બેઠકમાં સર્વ સંમતિ થઇ : કમાન્ડર સ્તરની બેઠકમાં ચીને ઝપાઝપી થઈ તે વિસ્તારમાંથી સૈનિકો ખસેડવા તૈયારી દર્શાવી**



ન્યુ દિલ્હી,તા.૨૩

ભારત અને ચીન લદ્દાખમાં ચાલી રહેલા તણાવમાં સોમવારમાં થોડોક ઘટાડો થતા જોવા મળ્યો. ગઈકાલે થયેલી બંને દેશોનાં જનરલો વચ્ચેની વાતચીત દરમિયાન ડ્રેગન પૂર્વ લદ્દાખનાં તણાવવાળા વિસ્તારથી પોતાના સૈનિકોને હટાવવા પર સહમત થયું છે. ઉલ્લેખનીય છે કે ગલવાન ખીણમાં ચીની સેનાની સાથે સંઘર્ષમાં ભારતનાં ૨૦ જવાનો શહીદ થયા હતા, જ્યારે ચીનનાં ૪૦ જવાનો માર્યા ગયા હતા. આ ઘટના બાદ બંને દેશો વચ્ચેનો તણાવ ચરમ પર પહોંચી ચુક્યો છે.

સૂત્રોએ જણાવ્યું કે વાતચીતમાં પૂર્વ લદ્દાખથી સૈનિકોને હટાવવા માટેની રીતોને અંતિમ આકાર આપવા પર ધ્યાન આપવામાં આવ્યું. વાતચીત દરમિયાન ભારત તરફથી સ્પષ્ટ કહી દેવામાં આવ્યું કે ન્છઝમાં જેવી સ્થિતિ ૫ મે પહેલા હતી તેવી જ હોવી જોઈએ. એટલે કે ભારત તરફથી સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવ્યું કે ચીન પોતાની સરહદમાં પાછું ફરે. બંને પક્ષોની

● અનુસંધાન પાના - ૭ પર

## ભારતીય આઈટી પ્રોફેશનલ્સને ઝટકો ટ્રમ્પનો H1-B વિઝા પર પ્રતિબંધ

**વર્ષના અંત સુધી આદેશ લાગુ, નવા નિયમોની અસર ૫ લાખ નોકરીઓને થશે : એચ-૧બી વિઝાનું સસ્પેન્શન વર્ષના અંત સુધી માન્ય રહેશે અને તેનાથી વિઝા રિન્યુ કરાવવા માંગતા અનેક ભારતીય આઈટી પ્રોફેશનલ્સને પણ ફટકો, વિદેશીઓને ગ્રીન કાર્ડ નહીં મળે**

વૉશિંગ્ટન,તા.૨૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક દૂરોગામી અસરો સર્જે તેવો એક મહત્વનો નિર્ણય લઈને રોજગારક્ષેત્રે મહત્વનો એચ-૧બી વીઝા સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી છે.અમેરિકાના આ પગલાથી ભારત સહિત દુનિયાના આઈટી પ્રોફેશનલને મોટો આંચકો લાગ્યો છે. આ સસ્પેન્સન વર્ષના અંત સુધી અમલમાં રહેશે. ટ્રમ્પ પ્રશાસનના અધિકારીઓના મતે આ નિર્ણય અમેરિકન શ્રમિકોના હિત માટે લેવાયો છે. ટ્રમ્પના આ નિર્ણથી ૨.૪૦ લાખ લોકો પ્રભાવિત થાય તેમ છે અને તેમાં, સૌથી વધુ ભારતીય છે. સુપરરીચ દેશ અમેરિકાના આ નિર્ણય પાછળ વર્તમાન કોરોના મહામારી સંકટ પણ જવાબદાર છે.

સૂત્રોએ કહ્યું કે, ડોલરિયા દેશ અમેરિકામાં કામ કરવા માટે એચ-૧બી વીઝા મેળવનાર લોકોમાં સૌથી વધારે ભારતીય આઈટી(ઈન્ફોર્મેશન ટેકનોલોજી) પ્રોફેશનલ હોય છે. જેથી વિઝાના પ્રતિબંધ પર સૌથી વધારે નુકસાન ભારતીયોને થશે તે ચોક્કસ નક્કી છે. જોકે એવી પણ સંભાવના છે કે નવા વીઝા પ્રતિબંધથી હાલના સમયે વર્ક વીઝા પર અમેરિકામાં કામ કરતા લોકો પર અસર નહીં પડે.. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન એમ કહ્યું હતું કે તે રવિવારે કે સોમવારે તેઓ નવા વીઝા પ્રતિબંધની જાહેરાત કરશે.

ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારના રોજ કહ્યું કે આ પગલું એ અમેરિકનોની મદદ કરવા માટે જરૂરી છે કે જેમણે કોરોનાને કારણે સર્જાયેલા હાલના

● અનુસંધાન પાના - ૭ પર

## પુલવામામાં બે આતંકી ઠાર

શ્રીનગર, તા. ૨૩

જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં ભારતીય સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ સર્જાયી છે. પુલવામાના બાંદજી વિસ્તારમાં સર્જાયેલી આ અથડામણમાં બે આતંકવાદીઓ ઠાર મરાયા છે. જો કે સીઆરપીએફનો એક જવાન પણ શહીદ થઈ ગયો છે. હાલ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આ અંગે કાશ્મીર ઝોનના આઈજી વિજય કુમારે જણાવ્યું કે, અથડામણમાં અત્યાર સુધી બે આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. પોલીસને મળેલી બાતમીના આધારે, પોલીસ, સેના અને સીઆરપીએફની ટીમે સંયુક્ત રીતે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૯૨૫૫૩૧૩ | ૪૭૫૮૮૬ | ૪૯૧૨૩૭૫ |
| ભારત | ૪૫૧૫૧૫ | ૧૪૨૦૨ | ૨૫૫૭૨૬ |
| ગુજરાત | ૨૮૪૨૯ | ૧૭૧૧ | ૨૦૫૨૧ |
| ગાંધીનગર | ૬૧૦ | ૩૧ | ૩૬૬ |

## દેશમાં કોરોનાના નવા ૧૪,૯૩૩ કેસ

**દેશમાં કુલ કેસ વધીને ૪.૪૦ લાખને પાર, ૨૪ કલાકમાં ૩૧૨ના મોત : મૃત્યુઆંક ૧૪ હજારને પાર**

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોના રોગચાળાના ૧૦ હજાર ૮૭૯ સંક્રમિત દર્દીઓ સાજા થયાની સાથે તેની સામે આ જ સમયગાળામાં ૧૪,૯૩૩ નવા કેસો નોંધાયા હતા. એક રીતે જોતાં છેલ્લાં કેટલાક દિવસથી દરરોજ લગભગ ૧૫ હજાર નવા કેસ સામે આવી રહ્યા છે. દેશમાં અત્યાર સુધી આ જીવલેણ ચાઈના વાયરસને કારણે ૧૪ હજારથી વધારે લોકોના મોત થઈ ગયા છે.જ્યારે, વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારત અંગે એવો અભિપ્રાય આપ્યો હતો કે, ભારતમાં સંક્રમણના કેસ વધવાનું કારણ તપાસ દરમાં થયેલો વધારો નથી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા આજે મંગળવારે સવારે જાહેર કરાયેલા છેલ્લાં ૨૪ કલાકના આંકડા મુજબ, દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૪,૪૦,૨૧૫ થઈ ગઈ છે. જેમાંથી ૧,૭૮,૦૧૪ એક્ટિવ કેસ છે જ્યારે અત્યારસુધીમાં સાજા થયેલા લોકોની સંખ્યા ૨,૪૮,૧૯૦ છે. આ ઉપરાંત ૩૧૨ લોકોના મોત થતાં કુલ હાલમાં મૃત્યુઆંક ૧૪,૦૧૧ થઈ ગયો છે.

દેશના પાટનગર દિલ્હીમાં

● અનુસંધાન પાના - ૭ પર



## પુરીમાં જગન્નાથજીની રથયાત્રા સંપન્ન

**ભાવિકો વિના યોજાયેલી રથયાત્રામાં સુપ્રીમ કોર્ટના આદેશનું સખ્તાઈથી પાલન કરાયું : તમામ ધાર્મિક વિધિઓ પુરીના શંકરાચાર્યની હાજરીમાં યોજાઈ, રથ ગુંડિયા મંદિરે પહોંચ્યા : ૭ દિવસે પરત ફરશે**



પુરી, તા. ૨૩

રથયાત્રાનો પ્રથમ તબક્કો પુરો થયો છે. ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાના રથ ગુંડિયા મંદિરે પહોંચી ગયા છે. હવે અગામી ૭ દિવસ સુધી ભગવાન અહીં જ રહેશે. રથ ઉત્સવ અહીં જ મનાવવામાં આવશે. પહેલી જુલાઈએ ભગવાન જગન્નાથ આ જ રથમાં બેસીને મુખ્ય મંદિરે પહોંચશે. તેને બહુડા યાત્રા કહેવામાં આવે છે. જગન્નાથ પુરીમાં બપોરે ૧.૫૦ વાગ્યે ભગવાન જગન્નાથનો રથ નંદીઘોષ ખેંચવામાં આવ્યો. તે પહેલા ૧૨.૧૦ વાગ્યે રથ તાલધ્વજ ખેંચવામાં આવ્યો. ભગવાન જગન્નાથના ભાઈ બલભદ્રના કાળા ઘોડા સાથે જોડાયેલો તાલધ્વજ મંદિરના સેવકોએ ખેંચવાનો શરૂ કર્યો. ગ્રાંડ રોડ પર સૌથી આગળ આ રથ હતો. પછી લગભગ ૧૨.૫૦ વાગ્યે દેવદલન રથને ખેંચવામાં આવ્યો. તે સુભદ્રાજીનો રથ છે. આ પહેલા સવારે ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રા દેવીને ગર્ભગૃહમાંથી લાવીને રથોમાં બિરાજીત કરવામાં આવ્યા. પુરી

● અનુસંધાન પાના - ૭ પર

## પતંજલિએ કોરોનાની પ્રથમ આયુર્વેદિક દવા લોન્ચ કરી

**હરિદ્વારના યોગપીઠમાં દવા અંગે જાહેરાત કરાઈ : કોવિડ-૧૯ના દર્દીઓ પર રેન્ડમાઈઝડ પ્લેઝબો નિયંત્રિત ક્લિનિકલ ટ્રાયલના પરિણામનો ખુલાસો કર્યો**

નવી દિલ્હી, તા. ૨૩

દુનિયાભરમાં મહામારી તરીકે તાંડવ મચાવનાર કોરોના વાઈરસની વેક્સિનના અથાક પ્રયાસો ચાલુ છે, પરંતુ આ વચ્ચે બાબા રામદેવની સંસ્થા પતંજલિ આજે એટલે કે મંગળવારે કોરોનાની એવિડન્સ બેસ્ડ પ્રથમ આયુર્વેદિક દવા કોરોનિલને પૂર્ણ વૈજ્ઞાનિક રિપોર્ટ સાથે લોન્ચ કરી છે. કોરોનાની આયુર્વેદિક દવા કોરોનિલને બપોરે ૧.૦૦ વાગે હરિદ્વારના પતંજલિ યોગપીઠમાં આચાર્ય બાલકૃષ્ણએ લોન્ચ કરી છે. આ અવસર પર બાબા રામદેવ પણ હાજર રહ્યા. પતંજલિ આયુર્વેદિક મેડિસિન્સ તરફથી પતંજલિ મંગળવારે ર્ઝ્રફૈંડ્ઢ-૧૯




દર્દીઓ પર રેન્ડમાઈઝડ પ્લેઝબો નિયંત્રિત ક્લિનિકલ ટ્રાયલના પરિણામનો ખુલાસો કર્યો.

પતંજલિ યોગપીઠ તરફથી નિવેદનમાં જણાવાયું છે કે, સ્વામી રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ ર્ઝ્રફૈંડ્ઢ-૧૯ના ઈલાજમાં પ્રમુખ સફળતાને લોકો સમક્ષ રજૂ કરી અને જેમ ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તેનો ખુલાસો પણ કર્યો. ટ્રાયલમાં સામેલ વૈજ્ઞાનિકો, શોધકર્તાઓ અને ડૉક્ટરોની ટીમ પણ હાજર રહી. આ શોધ સંયુક્ત રીતે પતંજલિ રિસર્ચ

● અનુસંધાન પાના - ૭ પર

### આયુષ મંત્રાલય દ્વારા પતંજલિની કોરોનિલના પ્રચાર-પ્રસાર પર રોક

નવી દિલ્હી, તા.૨૩

કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય દ્વારા પતંજલિને કોરોનિલના પ્રચાર અને પ્રસાર માટે મનાઈ ફરમાવી છે. મંત્રાલયે ખુલાસો પણ પુછ્યો છે કે, કોવિડ-૧૯ માટે ઉપયોગી છે તેવું સાબિત ન થાય ત્યાં સુધી એના પ્રચાર અને વેચાણ પર નહિ કરી શકાય. પતંજલિને વધુમાં જણાવાયું છે કે, સેમ્પલની સાઈઝ અને સંશોધનની પ્રક્રિયાની વિગતો મોકલવી અને ખરાઈ કર્યા બાદ જ પ્રચાર અને પ્રસાર માટે મંજુરી આપવામાં આવશે.

## એર ઈન્ડિયાની વિશેષ ઉડાનો પર અમેરિકાનો પ્રતિબંધ

નવી દિલ્હી, તા. ૨૩

કોરોના પ્રકોપ-લોકડાઉનના કારણે વિદેશમાં ફસાયેલા ભારતીયોને સ્વદેશ લાવવા માટે ભારત સરકાર દ્વારા વંદે ભારત મિશન હાથ ધરાયું છે. જેના માધ્યમથી અમેરિકા સહિત વિશ્વના અન્ય દેશોમાંથી વિશેષ ઉડાનોના માધ્યમથી ભારતીયોને સ્વદેશ પરત લાવવામાં આવી રહ્યા છે. ત્યારે અમેરિકાએ ભારતની નીતિરીતિને મનમાનીભરીને ગણાવીને એર ઈન્ડિયાની વિશેષ

● અનુસંધાન પાના - ૭ પર

## એકબીજા પ્રત્યે સહાનુભૂતી રાખો : રતન તાતા

મુંબઈ, તા. ૨૩

કોરોના મહામારીના કારણે ભારત સહિત સમગ્ર વિશ્વમાં લોકો ઈન્ટરનેટ પર વધારે સમય વીતાવી રહ્યાં છે. એવામાં છેલ્લા થોડા ઘણાં સમયથી ઓનલાઈન હેટ એટલે કે સોશિયલ મીડિયામાં નફરત ફેલાવવાની વૃતિમાં તેજી જોવા મળી રહી છે. દેશની જાણીતા ઉદ્યોગપતિ રતન તાતાએ ઓનલાઈન હેટને લઈને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકી છે, જેને લોકો દ્વારા ખૂબ જ લાઈક કરવામાં આવી રહી છે.

તેમણે કહ્યું કે ઓનલાઈનમાં મારી હાજરી ખૂબ ઓછી છે, પરંતુ હું આશા રાખું છુ કે, આ એક એવું પ્લેટફોર્મ હશે, જ્યાં એકબીજા પ્રત્યે વધારે સહાનુભૂતિ અને મદદની ભાવના હશે. નફરત અને ગુંડાગીરી માટે અહીં કોઈ જગ્યા નહીં હોય. રતન તાતાએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે,"આ વર્ષ દરેક માટે કોઈને કોઈ પ્રકારે પડકારજનક છે. હું અનુભવી રહ્યો છું કે ઓનલાઈન કૉમ્યુનિટીના લોકો એકબીજાની લાગણીઓને ઠેસ પહોંચાડવા મથી રહ્યાં છે. એકબીજાને નીચા દેખાડવામાં લાગી ગયા છે.